# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી દૂર કરવાના પ્રસ્તાવ પર ચર્ચા-રાજ્યસભામાં SIR મુદ્દે વિપક્ષનો હોબાળો

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, છેલ્લા દસ વર્ષમાં દેશમાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં 44 ટકાનો વધારો

3) પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિ વચ્ચે, કેન્દ્ર સરકારે ગેસનો પુરવઠો જાળવવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955 લાગુ કર્યો

4) વૈશ્વિક સ્તરે આજે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો નોંધાયો

5) હિમાચલ પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં આજે હિટવેવની આગાહી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# LS - RESOLUTION

લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી દૂર કરવા માટેના ઠરાવ પર ચર્ચા હાથ ધરવામાં આવી છે. બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી રહ્યા બાદ ગૃહની બેઠક મળી ત્યારે કોંગ્રેસના સાંસદ ડૉ. મોહમ્મદ જાવેદે ઠરાવ રજૂ કર્યો. તેમણે કહ્યું કે, અધ્યક્ષે વિપક્ષના નેતા અને અન્ય વિપક્ષી નેતાઓને ગૃહમાં બોલવાની મંજૂરી આપી ન હતી અને વિપક્ષની મહિલા સાંસદો પર ગેરવાજબી આરોપો લગાવ્યા હતા. શ્રી જાવેદે કહ્યું કે, શ્રી બિરલા ગૃહના તમામ વર્ગોના વિશ્વાસને કાબુમાં રાખવા માટે જરૂરી નિષ્પક્ષ વલણ જાળવવામાં નિષ્ફળ ગયા. પ્રમુખ અધિકારી જગદંબિકા પાલે સભ્યોને માહિતી આપી કે ઠરાવ પર ચર્ચા માટે દસ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.

ચર્ચા શરૂ કરતા, કોંગ્રેસના ગૌરવ ગોગોઈએ કહ્યું કે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરના ભાષણ દરમિયાન ગૃહમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીને અધ્યક્ષ દ્વારા વારંવાર અટકાવવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે અધ્યક્ષે ગૃહની કાર્યવાહી દરમિયાન પક્ષપાતથી કામ કર્યું.

# RAJYA SABHA

આજે રાજ્યસભાની કાર્યવાહી કેન્દ્રીય મંત્રીઓ દ્વારા વિવિધ મંત્રાલયો અને વિભાગોના અહેવાલો રજૂ કરવા સાથે શરૂ થઈ. ગૃહના સભ્યોએ સંસદીય સમિતિઓના અહેવાલો ગૃહમાં રજૂ કર્યા. શૂન્ય કલાક દરમિયાન, ટીએમસી સાંસદ ડેરેક ઓ'બ્રાયને પશ્ચિમ બંગાળ સહિત વિવિધ રાજ્યોમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ સઘન સુધારા SIR પર ચર્ચાની માંગ કરી.

વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ ગૃહમાં ચૂંટણી સુધારા પર ચર્ચાની માંગ કરી. જો કે વિરોધ પક્ષના હોબાળા વચ્ચે, ગૃહના નેતા જેપી નડ્ડાએ ટીકા કરતાં કહ્યું કે વિપક્ષ ગૃહની અંદર વાસ્તવિક ચર્ચા ઇચ્છતો નથી. ચૂંટણી સુધારા પર ચર્ચા થઈ ગયા બાદ પણ ગૃહની અંદર SIRનો મુદ્દો ઉઠાવવા બદલ તેમણે વિપક્ષની ટીકા કરી હતી.

# LS-SHIVRAJ FOOD PRODUCTION

દેશમાં છેલ્લા દસ વર્ષમાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં 44 ટકાનો વધારો થયો છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આમ જણાવ્યું હતું. શ્રી ચૌહાણે કહ્યું કે, દેશે ખાદ્યાન્ન ઉત્પાદનમાં એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે જે 357 મિલિયન ટન સુધી પહોંચ્યો છે.

તેમણે માહિતી આપતા કહ્યું કે ભારત ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બન્યો છે અને કઠોળનું ઉત્પાદન પણ 19 મિલિયન ટનથી વધીને લગભગ 26 મિલિયન ટન થયું છે. શ્રી ચૌહાણે કહ્યું કે, દેશભરના 100 જિલ્લાઓમાં પ્રધાનમંત્રી ધન-ધાન્ય  યોજના લાગુ કરવામાં આવી છે. આ સાથે સરકારે ગત વર્ષે ખેડૂતોને 1.86 લાખ કરોડ રૂપિયાની ખાતર સબસિડી આપી છે.

(બાઇટ - શિવરાજ સિંહ ચૌહાણ)

# GAZZETE-NATURAL GAS

પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિ વચ્ચે, સરકારે પ્રાધાન્યતા ક્ષેત્રો માટે કુદરતી ગેસના ઉત્પાદન, પુરવઠો જાળવવા, સમાન વિતરણ અને ઉપલબ્ધતાને નિયંત્રિત કરવા માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955 લાગુ કર્યો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના એક જાહેરનામા મુજબ, કુદરતી ગેસના પુરવઠાની પ્રાથમિકતા ઘરેલું પાઇપ્ડ નેચરલ ગેસ સપ્લાય, પરિવહન માટે કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ, એલપીજી ઉત્પાદન સહિત એલપીજી સંકોચન જરૂરિયાતો અને પાઇપલાઇન કોમ્પ્રેસ્ડ ઇંધણ અને અન્ય આવશ્યક પાઇપલાઇન ઓપરેશનલ આવશ્યકતાઓ સહિતના ક્ષેત્રોને આપવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પુરવઠો તેમના સરેરાશ છેલ્લા છ મહિનાના સરેરાશ ગેસ વપરાશના 100 ટકા સુધી ઓપરેશનલ ઉપલબ્ધતાને આધીન જાળવવામાં આવશે.

# REACTION GAS SUPPLY

ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ જણાવ્યું કે પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ વચ્ચે દેશની ઉર્જા સુરક્ષાને સુરક્ષિત રાખવા માટે સરકારે પૂરતા પગલાં લીધા છે. આજે સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે ખાતરી આપી કે દેશની ઉર્જા સુરક્ષા તેમની પ્રાથમિકતા છે.

# DAY-TRUMP IRAN

જો તેહરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ઓઇલ પુરવઠાને રોકવાનો પ્રયાસ કરશે તો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી વધારવાની ચેતવણી આપી છે, અને સાથે જ તેમણે આગાહી કરી છે કે સંઘર્ષ અપેક્ષા કરતા વહેલા સમાપ્ત થઈ શકે છે.

એક પત્રકાર પરિષદમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે અમેરિકન દળોએ ઈરાનના વાયુસેના અને નૌકાદળને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે, અને સૂચવ્યું કે યુદ્ધ તેમણે દર્શાવેલ શરૂઆતના ચાર અઠવાડિયાના સમયમર્યાદામાં જ સમાપ્ત થઈ શકે છે. બીજી તરફ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જાહેર કર્યું કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે તે ઈરાન નક્કી કરશે.

બાઈટ- TRUMP-SI

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GLOBAL-OIL-PRICES-TODAY

વૈશ્વિક સ્તરે આજે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો નોંધાયો. આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ લગભગ 8.5 ટકા ઘટીને 92.50 ડોલર પ્રતિ બેરલ થયું છે. અમેરિકાના બજારમાં, તેલના ભાવ પણ લગભગ 9 ટકા ઘટીને 88.60 ડોલર પ્રતિ બેરલ થયા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન સાથે યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે તેવા નિવેદન બાદ ઘટાડો નોંધાયો છે.

જોકે, પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા સંઘર્ષ પહેલાની સરખામણીએ ભાવ હજુ પણ લગભગ 30 ટકા વધારે છે.

# WB-ECI

ચૂંટણી પંચે આજે સવારે કોલકાતામાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી-CEO, રાજ્ય પોલીસના નોડલ અધિકારી અને કેન્દ્રીય અનામત પોલીસ દળ સાથે ચૂંટણી તૈયારી અંગે બેઠક યોજી. ચૂંટણી પંચ હવે પશ્ચિમ બંગાળ સરકારના મુખ્ય સચિવ, પોલીસ વડા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી રહ્યું છે, ત્યારબાદ બૂથ લેવલ અધિકારીઓ સાથે વાતચીત અને પત્રકાર પરિષદ યોજાશે.

ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું કે વિશેષ સઘન સુધારણા-SIR નો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ લાયક મતદાર બાકાત ન રહે, જ્યારે કોઈ અયોગ્ય વ્યક્તિ મતદાર યાદીમાં સામેલ ન થાય.

# SC-IT RULES

સર્વોચ્ચ અદાલતે સોશિયલ મીડિયા પર નકલી અને ભ્રામક સામગ્રી સાથે સંકળાયેલા માહિતી ટેકનોલોજી નિયમોમાં 2023 ના સુધારાને રદ કરતા બોમ્બે વડી અદાલતના ચુકાદાને પડકારતી કેન્દ્રની અરજીની તપાસ કરવા સંમતિ આપી છે.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા, એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને એસોસિએશન ઓફ ઈન્ડિયન મેગેઝિન સહિત મૂળ અરજદારોને નોટિસ પાઠવી હતી. જોકે, સર્વોચ્ચ અદાલતે 2024 ના બોમ્બે વડી અદાલતના ચુકાદા પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો જેમાં સુધારેલા નિયમોને ગેરબંધારણીય જાહેર કરાયા હતા.

# J&K-PAK DRONE

જમ્મુ અને કાશ્મીરમાં, સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન ગતિવિધિની જાણ થયા બાદ સુરક્ષા દળોએ આજે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ ગઈકાલે મોડી રાત્રે દાબોહના સામાન્ય વિસ્તારમાં શંકાસ્પદ ડ્રોનની હિલચાલ જોવા મળી હતી, જેના કારણે સુરક્ષા દળોએ કોઈ શસ્ત્રો કે માદક દ્રવ્ય હવાઈ રીતે ફેંકવામાં ન આવે તેની ખાતરી કરવા માટે વિસ્તારની સંપૂર્ણ શોધખોળ સહિત વળતા પગલાં લેવાનું શરૂ કર્યું હતું. જે વિસ્તારમાં ડ્રોન જોવા મળ્યાના અહેવાલો મળ્યા હતા ત્યાં સેના, પોલીસ અને સરહદી સુરક્ષા દળ-BSF દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

# MORN IMD-WEATHER

હવામાન વિભાગે આજે હિમાચલ પ્રદેશમાં હિટવેવની આગાહી કરી છે. ગુજરાત, કોંકણ, ગોવા, વિદર્ભ અને રાજસ્થાનમાં પણ ગરમીનું મોજુ ફરી વળવાની આગાહી છે. મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં દિવસ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

બીજી તરફ લદ્દાખ, જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદની શક્યતા છે. બિહાર, ઝારખંડ, કેરળ, માહે, ગંગા પશ્ચિમ બંગાળ, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ વાવાઝોડાની સંભાવના છે.

# NCERT BOOK WITHDRAWN

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-NCERT એ સામાજિક વિજ્ઞાનની પાઠ્યપુસ્તક "એક્સપ્લોરિંગ સોસાયટી: ઇન્ડિયા એન્ડ બિયોન્ડ ગ્રેડ 8 (ભાગ -2)" પરત ખેંચી લીધું છે, જેમાં પ્રકરણ-4 "ધ રોલ ઓફ જ્યુડિશિયરી ઇન અવર સોસાયટી" હતું.

આજે સવારે જારી કરાયેલ જાહેર માફીમાં, NCERT એ જણાવ્યું હતું કે, આખું પુસ્તક પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને તે ઉપલબ્ધ નથી. NCERTના ડિરેક્ટર અને સભ્યોએ ઉપરોક્ત પ્રકરણ-4 માટે બિનશરતી માફી માગી છે.